IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભરૂચ જિલ્લાની માધ્યમિક શાળામાં ચાલતી સહાભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ

પ્રા. પરમાર માયાબેન મંગુભાઈ
રિસર્ચ સ્કોલર, ભગવાન મહાવીર કૉલેજઓફ એજ્યુકેશન, સુરત

- **સારાંશ**

પ્રસ્તુત સંશોધન ભરૂચ જિલ્લાની માધ્યમિક શાળામાં ચાલતી સહાભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ અર્થે હાથ ધરવામાં આવ્યુ છે. પ્રસ્તુત સંશોધન એક □□□□□ક્ષણ પ્રકારનું છે. નમુના તરીકે ભરૂચ જિલ્લાના તમામ તાલુકાની માધ્યમિક શાળાઓનો અભયાસ કરવામાં આવ્યો છે. અને પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સ્વરચિત ઉપકરણોનો ઉપયોગ કર્યો છે.

**(૧) પ્રસ્તાવના**

બાળકોના સર્વાંગી વિકાસના ઘડતર માટે સહઅભ્યાસ પ્રવૃતિઓ અનિવાર્ય છે. બાળક શાળામાં ભણેલાં સાક્ષરી વિષયો લાંબાગાળે ભુલી જાય છે. પરંતુ સહાભ્યાસ પ્રવૃતિઓ દ્રારા મેળવેલા અનુભવો જીવનમાં કદીએ ભૂલતા નથી. હવે આપણી માધયમિક શાળાઓ સહઅભયાસ પ્રવૃત્તિઓને ઠીક-ઠીક મહત્વ આપે છે. સહઅભયાસ પ્રવૃત્તિઓનો અતિરેક પણ ન થવો જોઈએ. સહઅભયાસ પ્રવૃત્તિઓ સપ્રમાણ રહેવી જોઈએ. સમગ્ર વ્યક્તિના વિકાસ માટે સહઅભયાસ પ્રવૃત્તિઓનુ સ્થાન મહત્વનું છે. તેથીજ સહઅભયાસ પ્રવૃત્તિઓનું અયોજન યોગ્ય રીતે થાયતે ખુબજ જરૂરી છે. વિદ્યાર્થીને શાળાના વર્ગના પુસ્તકાલયમાં રમત ગમતના મેદાનમાં સાંસ્કૃતિક કાર્યક્રમો વિવિધ ઉત્સવોની ઉજવણી, મુલાકાત, પ્રવાસ પર્યટન કે સમાજ સેવા વગેરે દ્રારા મળતું શિક્ષણ અનુભવો તેના સર્વાંગી અને સુસંવાદી વિકાસ સાધવામાં ખુબજ ઉપયોગી થઇ પડે છે. આજે ચારેય બાજુ પરિવર્તનના પવન ફુકાય રહ્યા છે. ત્યારે આવી પ્રવૃત્તિઓને સાનાત્મક શિક્ષણ જેટલીજ મહત્વની ગણવામાં આવે છે.

**(૨) સમસ્યા કથન**

"ભરૂચ જિલ્લાની માધ્યમિક શાળામાં ચાલતી સહઅભયાસિક પ્રવૃતિઓનો અભ્યાસ"

**(3) શબ્દોની પરિભાષા**

પ્રસ્તુત સંશોધન માટે સંશોધક સમસ્યા કથનના ચોક્કસ શબ્દોના અર્થ પ્રયોજ્યો છે. તે નીચે મુજબ છે.

- **ભરૂચ**

ગુજરાત રાજ્યના દક્ષિણ ભાગમાં આવેલો જિલ્લો જે પ્રાચીન સમયમાં ભૃગુકચ્છ, તેમજ બ્રોચ નામથી ઓળખાતું હતુ અને હાલ તે ભરૂચ થી જાણીતું છે.

- **માધ્યમિક શાળા**

માધ્યમિક શાળા એટલે પ્રાથમિક શાળા પછીના અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા પહેલાના વર્ગો એટલે માધ્યમિક શાળા.પ્રબતાણી(૨૦૦૫) ના મત મુજબ માધ્યમિક કક્ષાની તરેહ મુજબ ૧૦+૨+૩ શિક્ષણમા બે વર્ષનો સમય ગાળો જેમા આશરે ૧૨થી૧૭ વર્ષનીવય કક્ષાનાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવે છે.

- **સહાભ્યાસ પ્રવૃત્તિઓ**

વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરાવીને વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઊજાગર કરતા કાર્યક્રમને સહાભ્યાસ પ્રવૃત્તિ કહે છે.

" બાળકની શારીરિક અને માનસિક શક્તિઓને સાચા માર્ગે વાળીને મુળભૂત વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ કરતી વિદ્યા"

- **અભ્યાસ**

ભગવત સિંહજી (૧૯૯૪) ના મુજબ "અભ્યાસ એટલે એક કામ પાછળ ખંતથી વારંવાર મથ્યા રહેવા પણું"

કોઈ પણ વિષય વસ્તુનું કરવામાં આવતું ઝીણવટ પૂર્વકનું નિરિક્ષણ.

**(૪) સંશોધનની પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં ભરૂચ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃત્તિની પ્રવર્તમાન સ્થિતિ જાણવા માટે સર્વેક્ષણ પધ્ધતિ અપવાવવામાં આવિ છે.

**(૫) સંશોધનના હેતુઓ**

(૧) માધ્યમિક શાળાઓમાં ચાલતી સાહિત્યિક પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવવી.
(૨) માધ્યમિક શાળાઓમાં ચાલતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવવી.
(3) માધ્યમિક શાળાઓમાં ચાલતી સામાજીક પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવવી.
(૪) માધ્યમિક શાળાઓમાં ચાલતી સમુહગત રમતગમત પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવવી.
(૫) માધ્યમિક શાળાઓમાં ચાલતી લલિતકળા સંબંધીત પ્રવૃત્તિઓ વિશે માહિતી પ્રાપ્ત કરવી.
(૬) માધ્યમિક શાળાઓમાં ચાલતી બૌધ્ધિક પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવવી.

**(૬) સંશોધનના પ્રશ્નો**

(૧) સહઅભ્યાસ પ્રવૃતિઓમાં સાહિત્યક પ્રવૃતિઓ કઈ કઈ છે ?
(૨) સહઅભ્યાસ પ્રવૃતિ અંતર્ગત સાંસ્કૃતિક પ્રવૃતિઓ કઈ કઈ છે ?
(3) સહઅભ્યાસ પ્રવૃતિઓમાં સામાજીક પ્રવૃતિઓ કઈ કઈ છે ?
(૪) સહઅભ્યાસ પ્રવૃતિઓમાં સમુહગત રમતગમતની પ્રવૃતિઓ હેઠળ કઈ કઈ રમતો રમાય છે ?
(૫) સહઅભ્યાસ પ્રવૃતિઓમાં લલિતકળા સંબંધિત પ્રવૃતિઓ કઈ કઈ છે ?
(૬) સહઅભ્યાસ પ્રવૃતિઓમાં બૌધ્ધિક સંબંધિત પ્રવૃતિઓ કઈ કઈ થાય છે ?

(૭) સહઅભ્યાસ પ્રવૃતિઓમાં નાગરિક પ્રશિક્ષણ સંબંધિત પ્રવૃતિઓ કઈ કઈ થાય છે ?

(૮) સહઅભ્યાસ પ્રવૃતિઓમાં શારીરિક શિક્ષણ સંબંધિત પ્રવૃતિઓ કઈ કઈ થાય છે ?

**(૭) સંશોધનના મહત્વ :**

પ્રસ્તુત સંશોધનનુ મહત્વ નીચે મુજબ છે.

પ્રસ્તુત સંશોધન ભરૂચ જીલ્લાની માધ્યમિક શાળામાં ચાલતી સહઅભ્યાસિક પ્રવૃત્તિના અભ્યાસ અંગે છે. આ સંશોધન સમાજ અને શિક્ષણ જગતને બદલવામાં ખુબ જ મહત્વનું છે. સાથે સાથે બાળકોમાં રસ પણ જાણી શકાશે અને સહઅભ્યાસ પ્રવૃતિ દ્વારા બાળકોના સાર્વાંગી વિકાસ થાય છે કે નહી તે પણ જાણી શકાશે.

**(૮) વ્યાપવિશ્વ અને નમુનો :**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ સમગ્ર દક્ષિણ ગુજરાતની માધ્યમિક શાળા બને છે.

નમુના તરીકે સંશોધન કે ભરૂચ જીલ્લાના તમામ તાલુકાની પસંદગી કરી છે. અને આ નમુના સહેતુક યાદચ્છિક નમુના પધ્ધતિ દ્વારા કરવામાં આવ્યું છે ૨૫ જેટલી શાળાની પસંદગી કરી છે. જેમાં ૧૭૫ શિક્ષકો છે. ૭ જેટલા આચાર્ય લીધા છે. તેમજ ૧000 જેટલા વિદ્યાર્થીની પસંદગી થયેલ છે.

**(૯) સંશોધનના ઉપકરણો :**

પ્રસ્તુત સંશોધન માટે સંશોધ કે સ્વરચિત ઉપકરણોની રચના કરી હતી. તેમાં વિદ્યાર્થી માટે અભિ પ્રાયાવલિ અને શાળાના આચાર્ય પાસે સાક્ષ્ય પત્રકની રચના કરી હતી. શિક્ષક માટે પ્રશ્નવલીની રચના કરી.

**(૧૦) માહિતી પૃથક્કરણની રીત :**

પ્રસ્તુત સંશોધનમાં પૃથક્કરણ માટે આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું છે. જેમાં કાઈવર્ગ અને સરેરાશ પધ્ધતિથી થયું છે.

**(૧૧) સંશોધનનાં તારણો :**

પ્રસ્તુત સંશોધનના તારણો નીચે મુજબ છે.

(૧) માધ્યમિક શાળાઓમાં ચાલતી સાહિત્યિક પ્રવૃત્તિ અંગે સહઅભ્યાસિક પ્રવૃતિઓ અંગેની જાણકારી મેળવી શકાય છે.

(૨) સાંસ્કૃતિક પ્રવૃતિઓ અંગેની જાણકારી મેળવી શકાય છે.

(3) માધ્યમિક શાળામાં ચાલતી સામાજિક પ્રવૃત્તિ અંગે માહિતી મેળવી શકાય છે.

(૪) સમુહગત રમત ગમતની પ્રવૃત્તિ અંગેની જાણકારી મેળવી શકાય છે.

(૫) લલિતકળા-સંબંધિત પ્રવૃત્તિઓ અંગે જાણી શકાય છે.

(૬) ક્યૌદિરક પ્રવૃત્તિઓ અંગે જાણી શકાય છે.

(૭) નાગરિક પ્રશિક્ષણ સંબંધિત પ્રવૃત્તિ વિશે માગી શકાય છે.

**(૧૨) શૈક્ષણિક સૂચિતાર્થો :-**

પ્રસ્તુત સંશોધનના શૈક્ષણિક સુચિતાર્થો નીચે મુજબ છે.

(૧) શાળામાં ચર્ચાસભાનું આયોજન કરી શકે

(૨) સાંસ્કૃતિક વેરાભૂષાની સ્પર્ધા યોજી શકાય.

(૩) વિવિધ દિવસની ઊજવણી કરાવી શકાય.

(૪) શાળામાં "વસ્તી નિયંત્રણ" ના કાર્યક્રમ કરી શકાય.

(૫) તજજ્ઞોના વ્યાખ્યાન ગોઠવી શકાય.

(૬) શાળામાં સ્કાઉટ ગાઇડની પ્રવૃત્તિ કરી શકાય.

**(૧૩) ઉપસંહાર**

સહઅભ્યાસિક પ્રવૃતિઓ શાળાકાળ દરમિયાન કેટલીલી મહત્વની છે તે આપણે જાણી શકીએ છીએ. પ્રસ્તુત સંશોધન તમામ માધ્યમિક શાળાના બાળકો આચાર્યે, અને શિક્ષકો માટે ખુબજ ઉપયોગી નીવડશે અને ભવિષ્માં વિદ્યાર્થીઓ વધુને વધુ ભાગ લેતા થશે.

**સંદર્ભ સુચિ**

(૧) ગુજરાતી વિશ્વકોરશ (એન્સાઇકલોપીડિયા) gujarati vishwakosh.org (જાન્યુઆરી ૨૦૦૧) ભરૂચ જિલ્લો.

(૨) વકિપિડિયા.com (માધ્યમિકશાળા)

(૩) પ્રશ્નતાણી (૨૦૦૫) પાલીતાણા શહેરની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું સહઅભ્યાસ પ્રવૃત્તિ અંગે મનોવલણ

(૪) ભગવતસિંહજી (૧૯૯૪) ભગવદ ગોમંડળ ભાગ-૧ રાજકોટ પ્રવિણ પ્રકાશન ગુજરાત

(૫) ઉચાટ ડી. બે. (૨૦૦૫) સંશોધન દર્શન સૌરાષ્ટ્ર પુનિ.ગુ.રાજ્ય